## અરવલ્લી : શામળાજી સિવિલ પાસે પુલ પર પાણી ફરી વળ્યાં



રાજસ્થાન સહીત અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પગલે મોટા ભાગના જળાશયો છલોછલ થતા ઓવરફ્લો થયા છે મેશ્વો ડેમની સપાટી વધતા પાણી છોડવામાં આવી રહ્યું છે શામળાજી રેફરેલ હોસ્પિટલ નજીક આવેલા અને ૪૦ થી વધુ ગ્રામ્ય વિસ્તારની અવર-જવર માટે જીવાદોરી સમાન પુલની નીચે ગાબડું પડતા લોકો ભયના માર્યા પસાર થવા મજબુર બન્યા છે સિવિલ હોસ્પિટલ નજીક આવેલ પુલમાં પડેલ ગાબડાનું સમારકામ કરવામાં આવે તેમજ ચોમાસાની ઋતુ બાદ નવો બનાવાવમાં આવેની માંગ પ્રબળ બની છે અરવલ્લી જિલ્લાના શામળાજી પાસે સિવિલ હોસ્પિટલ પાસેનો બેઠો પુલ વર્ષોથી બિસ્માર હાલતમાં છે.તાજેતરમાં પુષ્કળ વરસાદથી પુલ ઉપર બાકોરું પડી ગયેલ છે.આ પુલ ઉપરથી જ જુદી જુદી કુલ નવ શિક્ષણ સંસ્થાઓમાં હજારો વિદ્યાર્થીઓ,તેમજ બેચરપુરા કોલોનીમાં રહેતા લોકો,વેપારીઓ,હોસ્પિટલના દર્દીઓ તેને લગતાં વાહનો,દેવની મોરી સાઈડના ગામડાના લોકો પ્રતિદિન પસાર થાય છે.હાલ પુલ ઉપરથી પાણી પસાર થતું હોય, તેમાં ક્ષતિગ્રસ્ત ભાગ દેખાતો ન હોઈ ગમે ત્યારે મોટો અકસ્માત થવાનો ભય રહે છે.પ્રતિવર્ષ આ પુલ બેસતો જાય છે .આ પુલને સમારકામની નહીં પરંતુ નવો જ અને પૂરતી ઊંચાઈ સાથે બનાવવાની તાતી જરૂરિયાત છે. ગમે ત્યારે ગમખ્વાર અકસ્માત થશે ત્યારે આ અંધેર તંત્રમાં કોણ જવાબદાર રહેશે ? મેશ્વોડેમનું ઓવરફલો થઈ રહ્યો છે તેનું પાણી પણ આ જ પુલ ઉપરથી પસાર થાય છે. ડેમ સાઈડ જવાનો માર્ગ પણ આ જ છે. અનેક મોટા અધિકારીઓ અહીંથી પસાર થાય છે તો શું તેમને ભાવી સંકટોનો વિચાર નહી આવતો હોય ? લોકજીભે આ પ્રશ્ન સમગ્ર શામળાજી પંથકમાં ચર્ચાઈ રહ્યો છે.ત્યારે સહુની અપેક્ષા મુજબ નવા પુલનું નિર્માણ થાય તેવું લોકો ઝંખી રહ્યા છે.

## માલધારી ન્યાયયાત્રાનું થરા વાળીનાથ ધામે દબદબાભેર સમાપન.....



ગુજરાત પ્રદેશ માલધારી કોંગ્રેસ સેલ આયોજિત દ્વારકાધીશથી પ્રસ્થાન થયેલ માલધારી ન્યાય યાત્રાનું બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના થરા વાળીનાથ ભગવાનના ધામ ખાતે સમાપન થયું હતું. જેમાં સર્વ આગેવાનો શ્રી લાલજીભાઈ દેસાઈ,અધ્યક્ષ સેવાદળ ઈન્ડિયા,શ્રી અમિતભાઈ દેસાઈ,અધ્યક્ષ.ગુજરાત પ્રદેશ માલધારી સેલના અધ્યક્ષ સ્થાને સમાપન સમારોહ યોજાયો.સાથે ઉપસ્થિત ધારાસભ્યશ્રી રઘુભાઈ દેસાઈ, શ્રીલાખાભાઈ ભરવાડ, બનાસકાંઠા જિલ્લાના પ્રમુખશ્રી ભરતસિંહ વાઘેલા,ગોવાભાઈ દેસાઈ,શ્રી અમૃતજી ઠાકોર,કાંકરેજ,પ્રદેશ મહામંત્રી, ભચાભાઈ આહીર, શ્રી નરસિંહભાઈ દેસાઈ,ગોપાલ સેના પ્રમુખ બનાસકાંઠા, સગ્રમ ભાઈ,ભરવાડ, નવઘણજી ઠાકોર,સહિત આગેવાનો હાજર રહી સમાજને પડતર પ્રશ્નો માટે એક થઈ આવનાર સમયમાં નરસિંહભાઈ દેસાઈએ ૨૦૨૨માં સરકાર સામે આપણા માલધારી સમાજના હકો માટે લડવાની એકતાની હાકલ કરવામાં આવી. કાંકરેજ તાલુકાના સર્વ સમાજના આગેવાનો ગોપાલ સિંહ સોલંકી, સી.વી.ઠાકોર,શ્રી બચુજી ઠાકોર, પુરાંસિંહ,વિનોદભાઈ ઠાકોર,કરશનભાઈ જોષી, ભવનભાઈ ખાનપુરા,રાકેશભાઈ શાહ, મેવાભાઈ પરમાર, મોયુદીન ભાઈ સહિત હાજર રહી કાંકરેજી ગાયની ભેટ અર્પણ કરી લાલજીભાઈ અને અમિતભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે હાર્દિકભાઈ ઉચરપી, લાલભાઈ, દેવકરણભાઈ,અને સમગ્ર સંચાલન ગોપાલ સેના ના પ્રમુખ સાગર દેસાઈ,બાઈ વાડા એ કર્યું હતું અને આભારવિધિ કાંકરેજ તાલુકાના આગેવાન ઈશ્વરભાઈ ખટાણા એ કરી હતી.

## પાલનપુરના નગર દેવતા પાતાળેશ્વર મહાદેવમાં છેલ્લા સોમવારે ભકતોનુ ઘોડાપૂર...







દેવાધિદેવ મહાદેવ નો પવિત્ર શ્રાવણ માસ હાલ ચાલી રહ્યો છે. શિવ ભક્તો સમગ્ર દેશ વિશ્વભરમાં દેવોના દેવ મહાદેવને રિઝવવા શિવ ભક્તિમાં મગ્ન બન્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જિલ્લાના સર્વ શિવાલયો અને પાલનપુરના નગર દેવતા એવા શ્રી પાતાળેશ્વર મહાદેવના શિવાલયમાં શ્રાવણ માસમાં શિવ ભક્તોનું ઘોડાપૂર ઉમટી રહ્યું છે. જિલ્લાના બાલારામ મહાદેવ બાજોઠીયા મહાદેવ કેદારનાથ મહાદેવ વિશ્વેશ્વર મહાદેવ સહિત સર્વત્ર શિવભક્તિનો અનેરો મહિમા જામ્યો છે. પાલનપુરના અતિ પૌરાણિક એવા નાગરાજાના શાસકો નિર્માણ કરેલ શિવાલય એ આજનું પાતાળેશ્વર મહાદેવ કે જ્યાં ગુજરાતના એક સમયના રાજા સિદ્ધરાજ જયસિંહનો જન્મ થયો હતો. આ મહાદેવના મંદિરની વિશેષતા એ છે કે અહીંયા મંદિરના પગથિયાં ચડવા પડતા નથી પરંતુ મંદિરના પગથિયાં દર્શન કરવા માટે ઉતરવા પડે છે. પાલનપુરના પાતાળેશ્વર મહાદેવ માં પવિત્ર શ્રાવણ માસમાં શિવ ભક્તો પ્રભુ ભક્તિમાં મગ્ન બન્યા છે. દૂધનો અભિષેક અને અન્ય ચીજ વસ્તુઓનો અભિષેક તથા ભગવાન ભોળાનાથને પ્રિય એવા બિલિપત્રો પણ ખૂબ જ મોટા પ્રમાણમાં શિવલિંગ ઉપર ચઢાવવામાં આવે છે. પાલનપુરના નગરજનો યુવાન વડીલો અને બાળકો શિવ ભક્તિમાં મગ્ન બની ભોળાનાથને ત્રિપુન્ડ કરી પોતાના કપાળમાં પણ ત્રિપુંડ ચાંદલો કરાવી હર હર મહાદેવ નો નાદ ગજાવી રહ્યા છે. પાતાળેશ્વર મહાદેવ માં દરરોજ સાંજે મોટી સંખ્યામાં શિવ ભક્તો મહા આરતી અને ભગવાન ભોળાનાથની સ્તુતિ કરી આરતી ને પ્રસાદનો લાવવો મોટી સંખ્યામાં લઈ રહ્યા છે.

### ૩ બેઠકો જીતવામાં નબળી કામગીરી બાધારૂપ બનવાની દહેશત

## અરવલ્લી સંગઠન પ્રભારીને હોદ્દેદારોના નામ પણ યાદ નથી, બાયડની બેઠક દરમ્યાન થોથવાયા

હિંમતનગર, તા.૨૪

અરવલ્લી જિલ્લાની ત્રણેય બેઠક વિધાનસભા બેઠકો જીતવા માટે સંગઠન અને કાર્યકરો દિવસ-રાત મહેનત કરી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રભારીને જિલ્લાનો હવાલો સોંપ્યાના દોઢ વર્ષ પછી પણ સંગઠન હોદ્દેદારોના નામ પણ યાદ ન હોવાની વિગતો બુધવારે બાયડ તાલુકા અને શહેર સંગઠનની યોજાયેલી બેઠક દરમ્યાન બહાર આવતાં અનેક કાર્યકરો ચોંકી ગયા છે. ખુદ સંગઠન પ્રભારીની કામગીરી નબળી હશે તો ૩ બેઠકો જીતવામાં અડચણ આવી શકે છે. છેલ્લા કેટલાય સમયથી પ્રદેશ મંત્રી અને જિલ્લા પ્રભારી જયશ્રીબેન દેસાઈની નબળી કામગીરી સામે સવાલ ઉઠાવ્યા છે અને કાર્યકરોની સાચી રજૂઆતોને કચરાપેટીમાં ધરબાતી હોવાની લોકચર્ચા પણ ચાલી રહી છે અને આ અંગે પ્રદેશ સુધી ફરિયાદ પહોંચી છે.

**કાર્યકરોની સાચી રજૂઆતોને કચરાપેટીમાં ધરબાતી હોવાની હવા, પ્રદેશ સુધી ફરી ફરિયાદ પહોંચી**

કેન્દ્ર અને ગુજરાતમાં ભાજપની ડબલ એન્જીનની સરકારથી અનેક લોક ઉપયોગી કામ થઈ રહ્યા છે. ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન પ્રમુખ સી.આર.પાટીલ અને મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની ટીમ દરેક જિલ્લાઓના પ્રવાસ કરી રાજ્યમાં ૧૫૦ પ્લસ સીટો જીતવાના અભિયાન સાથે કામગીરી કરી રહ્યા છે. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનના પ્રમુખથી માંડી સંગઠન પ્રભારીની વ્હાલા દવાલાની નીતિ સામે પ્રદેશ સુધી અનેક ફરિયાદો પહોંચી છે અને હવે જવાબદાર હોદ્દેદારો જ જેમને સાથે રાખીને કામ કરાવવાનું છે તેવા સંગઠનના અન્ય હોદ્દેદારોના નામ પણ ભૂલવા લાગતાં અનેક બુદ્ધિજીવી ભાજપના કાર્યકરોએ તેની ગંભીર નોંધ લીધી છે. બાયડના વારેણા આશ્રમમાં બુથ લેવલ અને પેજ સમિતિ બાબતની મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં બાયડ વિધાનસભા બેઠકના પ્રભારી હર્ષદભાઈ પટેલે કેવી રીતે કામગીરી કરવાની છે તેની ઉંડાણપૂર્વકની સમજ આપી હતી. જ્યારે સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈએ પ્રથમ હરોળમાં બેઠેલા કેટલાક સંગઠન હોદ્દેદારોના નામ લીધા પરંતુ અન્ય હોદ્દેદારો કે જેમને પોતાના પરિવારની પણ પરવા કર્યા વગર ભાજપ માટે કામ કર્યું છે તેવા જિલ્લા સંગઠનના કેટલાક હોદ્દેદારોના નામ ભૂલી જતાં આ મુદ્દો બેઠક પછી ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જ્યારે સંગઠન પ્રભારીએ દરેક કાર્યકરને નામથી ઓળખવાના હોય છે અને તેમની પાસેથી સંગઠન ક્ષેત્રનું ઉમદા કામ લેવાનું હોય છે પરંતુ બેઠક શરૂ થાય ત્યારે જ આવવાનું અને પછી સંગઠનના અન્ય હોદ્દેદારોના નામ પણ યાદ રહેતા ન હોય તો તેને શું સમજવું..?? લાગે છે કે પ્રદેશ સુધી જિલ્લા સંગઠનની ફરિયાદોમાં વધારો થતાં તેની અસર તો ક્યાંક નથી વર્તાતીને ?? આ તો એક લોકચર્ચા છે. સાચું શું છે તે તો ટૂંક સમયમાં બહાર આવશે.

### તલાટીઓની હડતાલનો અંત, સરકારે ૫ માંથી ૩ માંગણીઓ સ્વીકારી

## જિલ્લામાં ૨૦ દિવસથી ચાલતી તલાટીઓની હડતાલ સમેટાઈ, ૮૩૬ ગ્રામ પંચાયતો જીવંત બની

### વિવિધ કામો માટે અરજદારોનો ધસારો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૮૩ ગ્રામ પંચાયતોના ૪૭૩ તલાટીઓની ૨૦ દિવસથી ચાલતી હડતાલનો અંત આવ્યો છે. રાજ્ય વ્યાપી પડતર માંગણીઓ મુદ્દે હડતાલ શરુ થયા બાદ રાજ્ય સરકાર સાથે થયેલ વાટાઘાટમાં પંચાયત મંત્રીએ તલાટીઓની ૫ માંથી ૩ માગણીઓ સ્વીકારવાની ખાત્રી આપતાં હડતાલ સમેટાઈ છે. જિલ્લામાં તલાટીઓની લાંબી ચાલેલી હડતાલનો અંત આવતાં અરજદારોએ રાહત અનુભવી છે.

તલાટીઓના રાજ્ય વ્યાપી એસોસીએશન વતી વર્ષ-૨૦૦૬ પહેલાં ફિક્સ પગારથી નિમણૂંક થયેલા તલાટી કમ મંત્રીને ૧૮૧-૨૦૧૭ના નાણા વિભાગના પરીપત્રો મુજબ તેમની સેવાઓ સળંગ ગણવાની માગણી તેમજ ઉચ્ચત્તર પગાર ધોરણ માટે ખાતાકીય પરીક્ષા લેવાય તેમાં ૨૦૧૯ સુધીના તલાટીઓને મુક્તિ આપવા સહિત માંગણીઓ મુદ્દે સરકારમાં સમયાંતરે રજૂઆતો થઈ હતી પરંતુ કુલ-૫ માંગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો ન હતો જેથી તલાટી યુનિયન દ્વારા રાજ્ય વ્યાપી હડતાલ શરુ કરવામાં આવી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૮૩ ગ્રામ પંચાયતના ૪૭૩ તલાટીઓ પણ રાજ્ય વ્યાપી હડતાલનો અંત આવતાં મંગળવારથી કામગીરીમાં જોડાતાં પ્રથમ દિવસે મોટા ભાગની પંચાયતોમાં અરજદારોનો ધસારો જોવા મળ્યો હતો.

**જિલ્લાની ગ્રામ પંચાયતો**

| જિલ્લા ગ્રામ | પંચાયત | તલાટી કમ મંત્રી |
| --- | --- | --- |
| સાબરકાંઠા | ૫૧૨ | ૨૭૭ |
| અરવલ્લી | ૩૨૪ | ૧૯૬ |



## 'મારા મિત્રોને રોડ ઉપરના ખાડા દેખાય છે....પણ દેશમાં અગાઉ ખોદેલા ખાડા દેખાતા નથી....'

### થર્ડ એમ્પાયરની દ્રષ્ટિએ

બાયડ તા.૨૪

ચોમાસુ આવે એટલે લોકોને રોડ ઉપરના ખાડા દેખાય અને બળાપો કાઢે એનો વાંધો નથી પણ કદાચ ચોમાસુ સારું ના થાય તો પણ તેનો બળાપો પણ સરકાર ઉપર નીકળે!! આ જનતાના બેવડાં ધોરણ છે... ભાઈ રોડ ઉપરના ખાડા જોઈને તમારું દિલ ધ્રુજી ઉઠે છે તો દેશમાં ખાડા ખોદનાર કે દેવું કરનાર સરકાર આવશે તો તમે શુ કરશો?? વ્યક્તિગત દેવું વધે તો એ કોઈને ગમતું નથી પણ દેશનું દેવું વધે તો તેના માટે કેમ કોઈ ગંભીરતા નહિ? દેશમાં વિવિધ ક્ષેત્રે સબસીડી, રાહત કે દેવા માફી કે મફતમાં આપવાની રાજકીય પક્ષ જાહેરાત કરતા હોય છે તે ક્યા આધાર ઉપર મફત આપવાની વાત કરે છે? શુ દેશમાં ઉદ્યોગો સ્થાપીને પોતાનું તથા રાષ્ટ્રનું નામ રોશન કરવું કે હજારો લોકોને રોજગાર આપવો તે ગુન્હો છે?? શુ દેશ માટે પૈસો કમાવવાનું કામ એકલા ઉદ્યોગપતિઓનું જ છે??

સરકારનો ટેક્સ સમયસર ભરવાની કોઈ પક્ષ રજુઆત નથી કરતું પરંતુ આ મફત આપશુ કે ફલાનું મફત આપશુ તેવી જાહેરાતો કાયમ થતી રહે છે!! 'સરકાર તો એક વહીવટ કરવાનું માધ્યમ છે , તેમને એવો કોઈ હક્ક ના હોવો જોઈએ કે તે કોઈપણ સગવડ મફતમાં આપે!!" હા, સરકાર એક હાથે પૈસા લે અને બીજે હાથે સુવિધા પ્રદાન કરે તે જ સાચું શાસન!! કોઈપણ સુવિધા કે સગવડનું બિલ વ્યાજબી હોવું જોઈએ અને તેમાં કોઈ ભ્રષ્ટાચાર ના થવો જોઈએ તે જ સાચી સરકાર અને શાસન!! સત્તા પ્રાપ્તિ માટે મફતનું આપવાની જાહેરાત કરનાર જે કોઈ પક્ષ હોય તે ક્યાંક ખોટો જ છે તેવું થર્ડ અમ્પાયરનું માનવું છે. વહીવટમાં ભ્રષ્ટાચાર બિલકુલ ના થવો જોઈએ અને તે થવા નહિ દઈએ એવું કહેતા રાજકીય પક્ષો કેમ ખચકાય છે??

રસ્તા ઉપરના ખાડા સૌને દેખાય છે કારણ કે તેમને નજરે દેખાય છે પણ દેશના ખાડા કોઈને દેખાતા નથી.... આજે દેશમાં જે તે રાજકીય પક્ષોમાં એક હરીફાઈ લાગી છે કે પ્રજાને લાલચ બતાવો અને તેમના વોટ લો અને શાસન કરો!! સબસીડી, રાહત અને મફત આપવાની લાલચ એકવાર માટે પ્રજાના વોટ તો લઈ શકે છે પણ દેશનો ખાડો ક્યારેય નહીં ભરી શકે!! કરોડો રૂપિયાની સહાય, મદદ અને દેવા માફ દેશને કંગાળ બનાવી દેશે તેવું થર્ડ અમ્પાયરનું માનવું છે... થર્ડ અમ્પાયરનું એ પણ માનવું છે કે કોઈને પણ એક પૈસો મફતમાં ના અપાય. અને દેશનો મફતનો એક પૈસો પણ હજમ કરી જતા નેતા, અભિનેતા, મંત્રી, તંત્રી, અધિકારી કે કર્મચારી કોઈને પણ બિલકુલ ના છોડાય.... ચોરી કરતા કોઈ નાગરિક કે વહીવટકર્તા કોઈને ના છોડવા જોઈએ!!

મોદી સાહેબે ભ્રષ્ટાચાર વિરુદ્ધ અભિયાન છેડ્યું છે ત્યારે થર્ડ અમ્પાયરની વિનંતી છે કે કોઈપણ વિભાગીય કર્મચારીને છોડશો નહિ, કોઈને કંઈપણ મફત આપશો નહિ. આજે આઝાદિના ૭૫ વર્ષ પછી પણ મહેસુલ,શિક્ષણ, પંચાયત, માર્ગ મકાન, વન વિભાગ કે કોઈપણ ખાતું લઈ લ્યો ત્યાં ખૂબ ભ્રષ્ટાચાર ચાલે છે. દેશની જનતા પણ જાણે છે અને હું પણ જાણું છું કે મોદી સાહેબ અને ભાજપ પક્ષની વિચારધારા રાષ્ટ્રવાદી છે અને નિયત પણ સારી છે પણ છતાંય નીચલા લેવલ ઉપર થતા ભ્રષ્ટાચારથી જનતા ખૂબ પરેશાન છે... એક જમીનનો દસ્તાવેજ કાયમ કરવા મહેસુલ કર્મચારી એન્ટ્રી પાકી કરવાના રૂપિયા ૧૦ થઈ ૨૫ હજાર લે છે તો આ કર્મચારીઓ કેટલો ભ્રષ્ટાચાર કરતા હશે?? આ વાત સાંભળીને કોંગ્રેસે ખુશ થવાની બિલકુલ જરૂર નથી, ભ્રષ્ટાચારની આદત તો કોંગ્રેસ સરકાર વખતની પડેલી છે, જનતા ઈચ્છે છે કે ભાજપ સરકાર તે માટે યોગ્ય પગલાં લે!! દેશની તિજોરીમાં ખાડા પાડતા લોકોને પકડો રોડના ખાડા તો શું બધાજ ખાડા પુરાઈ જશે

## જાગતા રહેજો....ની બૂમો હવે લોકોએ પાડી જાતે જ સુરક્ષા કરવી પડશે

**મોડાસા પંથકમાં શટર તોડ ગેંગ સક્રિય,૪ દુકાનોના શટર તોડી ચોરી : મોટી-ઈસરોલમાં ત્રણ દુકાનો અને મરડીયા પાટિયા પર એક દુકાનમાં તસ્કરો : ત્રાટક્યા, તસ્કર ટોળકી CCTV કેમેરામાં કેદ : વરસતા વરસાદમાં તસ્કર ટોળકી સક્રિય થતા લોકોમાં ભય**



મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં ઘરફોડ ચોર અને તસ્કર ટોળકી બેફામ બની છે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દુકાનો અને રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટકી ખાતર પાડી રહ્યા છે જીલ્લા પોલીસતંત્ર સબસલામતની ગુલબાંગ પુકારી રહી છે નાઈટ પેટ્રોલિંગના દાવાઓ પોકળ સાબિત કરતી ઘટનાઓ સતત બની રહી છે. મોડાસાના મોટી ઈસરોલ ગામમાં ત્રણ દુકાનો અને મરડીયાની એક દુકાનમાં તસ્કરો ત્રાટકી હજ્જારો રૂપિયાની રોકડ રકમ અને માલસામાનની ચોરી કરી રફુચક્કર થઈ જતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયેલ તસ્કર ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા-શામળાજી હાઈવે પર આવેલા મોટી ઈસરોલ ગામમાં આવેલી કિરાણા સ્ટોર્સ, હોલસેલ અને અને મોલમાં તસ્કરો ત્રાટકી ૫૦ હજાર રૂપિયાની રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા મરડીયાની એક દુકાનનું શટર તોડી તસ્કરો ત્રાટકી ચોરીની ઘટનાને અંજામ આપી રફુચક્કર થઈ ગયા હતા હાઈવે પર આવેલી ચાર દુકાનોના શટર તોડી ચોરીની ઘટનાને અંજામ આપતા ગ્રામ્ય વિસ્તારના દુકાનદારોમાં ફફડાટ વ્યાપ્યો છે ચોરીની ઘટનાની જાણ થતા મોડાસા રૂરલ પોલીસ ચોરી સ્થળે પહોંચી રાબેતા મુજબ કાર્યવાહી હાથધરી હતી દુકાનદારો અને વેપારીઓએ નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવેની માંગ કરી રહ્યા છે.

### સ્મશાનગૃહમાં અંતિમ વિધિ માટે વાત કરી પરંતુ સરપંચે જવાબ ન આપ્યાનો આરોપ

## બાયડ તાલુકાના લાંકમાં વરસતા વરસાદમાં દલિત યુવાનના અંતિમ સંસ્કાર કરાયા : ફોટા સોશ્યલ મીડીયામાં વાયરલ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૪

બાયડ તાલુકાના લાંક ગામમાં વરસાદના કારણે દલિત યુવાનની ગામના સ્મશાનમાં અંતિમવિધિ માટે વાત કરી પરંતુ કોઈ જવાબ ન મળતાં છેવટે ડાઘુઓને વરસતા વરસાદમાં અંતિમ સંસ્કાર કરવાની ફરજ પડી હતી. સોશ્યલ મીડીયામાં ફોટા વાયરલ થતાં તંત્ર ઉપર પસ્તાળ પડી રહી છે. આવનારા દિવસોમાં આ મામલો નવું જ સ્વરૂપ પકડે તેવી દહેશત સેવાય છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યું છે છતાં આજે પણ અનેક ગામડાઓમાં દલિતોને મંદિરમાં પ્રવેશવા, વરઘોડા કાઢવા અને સ્મશાનમાં અંતિમવિધિ માટે છૂટ મળતી નથી. જેના કારણે ભૂતકાળમાં જિલ્લાના અનેક વિસ્તારોમાં દંગલ મચ્યાના કિસ્સા પોલીસ મથકે નોંધાયા છે. બાયડ તાલુકાના લાંક ગામના દલિત સમાજના યુવાનનું મોત નિપજય હતું. જિલ્લામાં અને તાલુકામાં છેલ્લા ૨૪ કલાકથી ધીમીધારે વરસાદ વરસી રહ્યો હતો. દલિત સમાજનું ગામમાં સ્મશાન ન હોવાથી મુશ્કેલીમાં મૂકાયા છેવટે સામાજીક કાર્યકર દ્વારા સરપંચનો ટેલિફોનિક સંપર્ક કરી વરસાદની સીઝન હોવાથી અંતિમ વિધિ કરવા માટે સ્મશાનનો ઉપયોગ કરવા વાત કરી પરંતુ સરપંચે ગામના બીજા આગેવાનોને પૂછ્યા વગર હું નિર્ણય ન લઈ શકું તેમ જણાવતાં છેવટે ડાઘુઓએ વરસતા વરસાદમાં યુવાનની અંતિમવિધિ કરી હતી. આ સમગ્ર ઘટના સોશ્યલ મીડીયામાં વાયરલ થઈ છે અને આ મામલો સરકાર સુધી પહોંચ્યાનું પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

**સરપંચે ઉવાચ, ગામના બીજા આગેવાનોને પૂછ્યા વગર નિર્ણય ન લઉં**

કમલેશ પરમારે વાયરલ કરેલી પોસ્ટમાં જણાવ્યું છે કે લાંક ગામમાં દલિત યુવાનનું મોત નિપજ્યા પછી ચોમાસાની સીઝન હોવાથી ગામમાં દલિત સમાજનું સ્મશાન ગૃહ ન હોવાથી ખુલ્લામાં અંતિમ સંસ્કાર કરવા પડતા હોય છે. ચોમાસુ અને વરસતો વરસાદ હોવાથી સરપંચને આ અંગે ટેલિફોનિક વાત કરી અને અંતિમવિધિ કરવા માટે સ્મશાનનો ઉપયોગ કરવા માટે વિનંતી કરી પરંતુ સરપંચે બીજા આગેવાનોને પૂછ્યા વગર હું કંઈ નિર્ણય ન કરુ તેમ કહી નન્નો ભણ્યો હતો.

## પાલનપુર નારી સંરક્ષણની બહાર પોલીસ ઉપર હૂમલો કરી યુવતીના અપહરણનો પ્રયાસ

### યુવતીને મેડીકલ ચેકઅપ માટે લઇ જવાતી હતી ત્યારે સગાના ટોળાએ હૂમલો કર્યો, ૨૫ સામે ફરિયાદ : પાલનપુરના યુવકે યુવતીનું અપહરણ કર્યા બાદ બંને ઝડપાયા હતા, કોર્ટના આદેશથી નારી સંરક્ષણમાં મુકવામાં આવી હતી

પાલનપુર તા. ૨૪

પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાંથી મેડીકલ માટે લઈ જવાતી યુવતીના સગાઓએ પોલીસ ઉપર હૂમલો કરી તેણીનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, નારીસંરક્ષણ કેન્દ્રનો સ્ટાફ સહિત સ્થાનિક પોલીસ દોડી આવતાં ટોળું નાસી છુટ્યું હતુ. આ અંગે પોલીસે ૨૫ જણાં સામે ફરિયાદ નોંધાવી હતી. પાલનપુર મફતપુરા વિસ્તારમાં રહેતા હર્ષ ધીરજભાઈ પરમારે આજ વિસ્તારની હાલ જુનાડીસા રહેતી જયોત્સનાબેન શંકરભાઈ દેવીપૂજકનું અપહરણ કર્યુ હતુ. જે બંને રવિવારે ડીસા ભોપાનગર વિસ્તારમાંથી મળી આવ્યા હતા. પોલીસે યુવતીને ડીસા જ્યુડીશીયલ કોર્ટમાં રજુ કરવામાં આવી હતી. જયાંથી ન્યાયાધીશે પાલનપુર નારીસંરક્ષણ કેન્દ્રમાં મુકવાનો હૂકમ કર્યો હતો. આથી ડીસા પોલીસે જયોત્સનાબેનને પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાં ખસેડી હતી. જ્યાં કેન્દ્રના ઈન્ચાર્જ મેડીકલ ચેકપઅ કરવા માટે જણાવાયું હતુ. જોકે, રવિવાર અને રાત્રિનો સમય હોવાથી ન હતુ કરાયું. દરમિયાન સોમવારે ડીસા રૂરલ પોલીસ મથકના અ. હેડ.કો. ભરતભાઈ, મહિલા પો.કો. ખેતુબેન તેણીને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લઈ જવા માટે કેન્દ્રની બહાર કાઢી હતી. ત્યારે ગેટ બહાર ઉભેલા યુવતીના સગાઓએ પોલીસ કર્મીઓ ઉપર હૂમલો કરી ધક્કે ચઢાવી બળજબરીથી ખેંચમતાણ કરી યુવતીના અપહરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન નારી સંરક્ષણ કેન્દ્રના હોમગાર્ડ બંદિયાબેન સુતરીયા, રેખાબેન પરમાર, સ્ટાફ નર્સ રચીતાબેન સોલંકી તેમજ સ્થાનિક પોલીસની ટીમ આવી યુવતીને અપહરણકર્તાઓના સકંજામાંથી છોડાવી હતી. આ અંગે પોલીસકર્મી રાજેન્દ્રકુમારે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ૨૫ શખ્સોના ટોળા સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.



**યુવતીએ વિડિયો ઉપરથી સગાઓને ઓળખી બતાવ્યા**

પોલીસ ઉપર થયેલા હૂમલાનો પોલીસે વિડિયો ઉતાર્યો હતો. જે યુવતીને બતાવતાં તેણે સગાઓને ઓળખી બતાવ્યા હતા. જે મુજબ પાલનપુર મફતપુરાના રાકેશકુમાર શંકરભાઈ દેવીપૂજક, અતુલભાઈ નાનજીભાઈ દેવીપૂજક, કિરણભાઈ નાનજીભાઈ દેવીપૂજક, સંજયભાઈ નાનજીભાઈ દેવીપૂજક, રાધાબેન શંકરભાઈ દેવીપૂજક, કમળાબેન શંકરભાઈ દેવીપૂજક, ટીનાબેન કીરણભાઈ દેવીપૂજક, મધુબેન પ્રવિણભાઈ દેવીપૂજક, શંકરભાઈ નાનજીભાઈ દેવીપૂજક, કાંતાબેન નાનજીભાઈ દેવીપૂજક, ભરતભાઈ શંકરભાઈ દેવીપૂજક, સોનાબેન શંકરભાઈ દેવીપૂજક, નાનજીભાઈ હંસરાજભાઈ દેવીપૂજક, ડીસા વાસણાના પરેશભાઈ મનુભાઈ દેવીપૂજક, કમળાબેન મનુભાઈ દેવીપૂજક, પાલનપુરના કાળુબેન રામજીભાઈ દેવીપૂજક, શારદાબેન ઈશ્વરભાઈ દેવીપૂજક, મંજુબેન હંસરાજભાઈ દેવીપૂજક, શિલ્પાબેન વિક્રમભાઈ દેવીપૂજક, લક્ષ્મીબેન કમલેશભાઈ દેવીપૂજક, હંસરાજભાઈ કરશનભાઈ દેવીપૂજક, રોહિત લક્ષ્મણભાઈ દેવીપૂજક, વિપુલભાઈ ઈશ્વરભાઈ દેવીપૂજક અને ગોપાલ શંકરભાઈ દેવીપૂજક સામે ગૂનો નોંધ્યો હતો.